**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. પાંચમાં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં– મુકામ–મિરઝાપુર, અમદાવાદ.**

**ક્રિમિનલ કેસ નંબર– ૮૫૧૮/૨૦૨૦**
**આંક– ૮**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**– વિરૂધ્ધ –**

**આરોપી નં– ૧)** **હિતેશભાઇ સમરથભાઇ ઠાકોર + ૨**
રહેવાસી–રોપડા ગામ, ઠાકોર વાસ
તા.દસ્ક્રોઈ, જીલ્લો–અમદાવાદ.

**ગુનો–** **જુગાર ધારાની કલમ–૧૨ મુજબ.**

**– જજમેન્ટ–**

૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોતા આરોપીઓએ ગુનાવાળી જગ્યાએથી જુગાર રમતા ફરીયાદમાં જણાવેલ મુદ્દામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

૨) સદર કામે તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા આરોપીઓને અટક કરી આરોપીઓ વિરૂધ્ધ સદર ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

૩) આરોપીઓને સમન્સ/નોટીસની બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપીઓએ તેઓની સામેના ગુના અંગે **આંક–૭** થી કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીઓની **આંક– ૪** તથા **આંક–૬** થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ તેઓની સામેનો ગુન્હો સ્વેચ્છીકરીતે કબુલ કરેલ છે.

૪) આરોપીઓ તર્ફેની આંક– **૭** થી રજુ ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતાં ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, કુટુંબ કબીલા વાળા માણસ છે, ગરીબ છે જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

૫) આરોપીઓ સામે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનાનું તહોમત છે. આરોપીઓએ ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકત, આરોપીઓએ કરેલ ગુન્હાનો પ્રકાર તેમજ સદરહું ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ વિગેરે હકીકત ધ્યાને લેતાં આરોપીઓને સુધરવાની તક આપવામાં આવે અને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ,

નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧) આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્યવે જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેકને રૂપિયા ૫૦/– ( અંકે રૂપિયા પચાસ પુરા) નો દંડ, જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે કરેલ મુદ્ધામાલ કબુલાત પુરસીસમાં જણાવ્યા મુજબ પરત મળી ગયેલ હોઈ તેઓની પાસે રાખવાનો તથા મુદામાલની રોકડ રકમ સરકાર જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

**(કુલ દંડ રૂપિયા ૧૫૦ /– અંકે રૂપિયા એકસો પચાસ પુરા)**

હુકમ આજ **તા.૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧** ના રોજની લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એ.આર.ઘોરી)**
સ્પેશીયલ સીટીંગ
પાંચમાં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર,
**યુ.આઈ.સી.નં.જીજે.૦૯૯૮**